બ્રાન્ડેડ ફ્રેમ • કોસ્મેટીક કોન્ટેક્ટ લેન્સ • ગોગલ્સ
Shades
SUKHARAM OPTICAL HOUSE
સુખારામ ઓપ્ટીકલ હાઉસ
સુખારામ આઈ ક્લીનિક (Only On Appointment Basis)
કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

ALEVATE
MUGATLAL GROUP
MBS Aluminium Industries Pvt. Ltd.
Steel Trading Company
ALEVATEPRE-ENGINEERED BUILDING
• Turnkey Steel Building Solution
• Optimised Design
• Accurate manufacturing
• Speedy & Cost Saving Construction
• One Stop Solution for Roofing
Head Office : Krishna Pertrol pump, Udhna Main Road, Surat.
Factories : Sachin GIDC • Pipodara • Burhanpur (MP)
Mobile : 9512953830, 7575882332
E-mail: info@mbsaluminium.com Webside: www.alevate.in

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ એકમ ગુરુવાર ૩૦ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૭ પાનાં ૧૪+૪ કિંમત ₹ ૫.૦૦

પેપર લીક વિરોધી કાયદામાં કડક સુધારાને લોકસભાની મંજૂરી

રાહુલ ગાંધીના અમિત શાહ પર આકરા પ્રહારો

લોકસભામાં ભારે હોબાળો

પબ્લિક એક્ઝામિનેશન બિલ પર ચર્ચા દરમિયાન કોંગ્રેસ નેતાએ ગૃહમાં ઉઠાવ્યો NEET વિરોધ પ્રદર્શનનો મુદ્દો; સ્પીકરે કેટલીક વાંધાજનક ટિપ્પણીઓ રેકોર્ડમાંથી હટાવી

સરકાર અનુભવમાંથી શીખવા તૈયાર: મંત્રી જિતેન્દ્ર સિંહ

2024માં પેપર લીક વિરોધી કાયદો અમલમાં આવ્યા બાદ અત્યાર સુધી 52 એફઆઈઆર નોંધાઈ

વિરોધ પક્ષે બિલના રાજકીયકરણનો આક્ષેપ કર્યો

નવી દિલ્હી: લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે ગૃહમાં ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. NEET પેપર લીક મામલે ૨૦ જુલાઈના રોજ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અને પેલેટ ગનના ઉપયોગ માટે રાહુલ ગાંધીએ સીધા ગૃહમંત્રી અમિત શાહને જવાબદાર ઠેરવ્યા હતા. રાહુલ ગાંધીના આ નિવેદનો બાદ લોકસભામાં ભારે હંગામો મચી ગયો હતો, જેના કારણે ગૃહની કાર્યવાહી બે વાર સ્થગિત કરવી પડી હતી.

ગૃહમંત્રીની ગેરહાજરી અને બચાવ

રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે ગૃહમંત્રી લોકસભામાં આવતા

...અનુસંધાન પાના 13 પર

રાહુલની અમિત શાહ પાસે રાજીનામાની માગ

નવી દિલ્હી. કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા થયેલી કથિત કાર્યવાહી માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પદ પરથી હટાવવાની માગ કરી છે. તેમણે આ સમગ્ર ઘટનાની સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ સ્વતંત્ર ઉચ્ચસ્તરીય સમિતિ દ્વારા તપાસ કરાવવાની પણ માગણી કરી હતી. જોકે ભાજપે રાહુલ ગાંધીના

...અનુસંધાન પાના 13 પર

નવી દિલ્હી, તા. 29 (PTI): લોકસભાએ બુધવારે જાહેર પરીક્ષાઓમાં પેપર લીક અને ગેરરીતિઓ રોકવા માટેના કાયદામાં સુધારો કરતું 'પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એમેન્ડમેન્ટ બિલ, 2026' પસાર કર્યું. સરકારનું કહેવું છે કે અનુભવમાંથી શીખીને કાયદાને વધુ અસરકારક બનાવવા માટે તેમાં કડક જોગવાઈઓ ઉમેરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે નીટ પેપર લીક મામલે સરકારે તાત્કાલિક કાર્યવાહી કરી હતી અને 2024માં પેપર લીક વિરોધી કાયદો અમલમાં આવ્યા બાદ અત્યાર સુધી 52 એફઆઈઆર નોંધાઈ છે. તેમણે કહ્યું કે સુધારા દ્વારા સરકાર એ દર્શાવી રહી છે કે તે અનુભવમાંથી શીખવા તૈયાર છે. પેપર લીક સંબંધિત બનાવોને કારણે થતા આપઘાતના બનાવોમાં પણ છેલ્લા કેટલાક વર્ષોમાં ઘટાડો નોંધાયો હોવાનું તેમણે જણાવ્યું.

વિપક્ષના વિરોધ વચ્ચે સિંહે કહ્યું કે આવા મહત્વના બિલ પર ગંભીર ચર્ચા કરીને સૂચનો આપવાને બદલે તેને રાજકીય મુદ્દો બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર સંસદીય પરંપરા અને સરકારની કાર્યપદ્ધતિ અંગે પૂરતી સમજ ન હોવાનો પણ આક્ષેપ કર્યો. કોંગ્રેસના

...અનુસંધાન પાના 13 પર

સુધારેલા બિલની મહત્વની જોગવાઈઓ

નવી દિલ્હી. લોકસભાએ બુધવારે પસાર કરેલા પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એમેન્ડમેન્ટ બિલ-2026માં પેપર લીક અને પરીક્ષામાં ગેરરીતિ કરનારા સામે વધુ કડક સજાની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદાનો હેતુ વ્યક્તિઓ, સંગઠિત ગેંગો અને સંસ્થાઓને પરીક્ષામાં ગેરરીતિ કરતા રોકવાનો છે, જેથી જાહેર પરીક્ષાઓની વિશ્વસનીયતા અને પવિત્રતા જળવાઈ રહે. 2024ના કાયદામાં સુધારો કરતા આ બિલની મુખ્ય જોગવાઈઓ આ મુજબ છે:

1. તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ કાયદા હેઠળના ગુનાઓની ઝડપી સુનાવણી માટે કોઈપણ સેશન કોર્ટને વિશેષ ફાસ્ટ-ટ્રેક કોર્ટ તરીકે નિયુક્ત કરવાની સત્તા આપવામાં આવશે.
2. વિશેષ ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં કેસની રોજબરોજ સુનાવણી થશે અને ચાર્જશીટ દાખલ થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર સુનાવણી પૂર્ણ કરવી ફરજિયાત રહેશે.
3. કેન્દ્ર સરકારને આવા ગુનાઓની તપાસ માટે વિશેષ ટાસ્ક ફોર્સની રચના કરવાની સત્તા મળશે.
4. આ કાયદા હેઠળ નોંધાયેલા ગુનાઓની તપાસ બે મહિનાની અંદર પૂર્ણ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.
5. તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો આ કાયદા હેઠળના કેસો ચલાવવા માટે એક અથવા વધુ વિશેષ સરકારી વકીલની નિમણૂક કરી શકશે.
6. કોર્ટના ચુકાદા, સજા અથવા આદેશ સામે હાઈકોર્ટની બે જજોની બેન્ચ સમક્ષ અપીલ કરી શકાશે અને અપીલ સ્વીકાર્ય બન્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર તેનો નિકાલ કરવાનો રહેશે.
7. પેપર લીક અથવા પરીક્ષામાં ગેરરીતિમાં સંડોવાયેલા વ્યક્તિઓને ઓછામાં ઓછી પાંચ વર્ષથી લઈને વધુમાં વધુ 10 વર્ષની જેલ તથા રૂ. 50 લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.
8. સંગઠિત રીતે પેપર લીક જેવા ગુનાઓ કરનારાઓ માટે ઓછામાં ઓછી સાત વર્ષની જેલ અને રૂ. 10 કરોડ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

સરકારે 2024માં પેપર લીકના વધતા વિવાદોને ધ્યાનમાં રાખીને મૂળ કાયદો અમલમાં મૂક્યો હતો. તે પહેલાં કેન્દ્ર સરકાર અથવા તેની વિવિધ એજન્સીઓ દ્વારા લેવાતી જાહેર પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓ સામે કાર્યવાહી કરવા માટે કોઈ ચોક્કસ કાયદો ન હતો.

આ કાયદો યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC), સ્ટાફ સિલેક્શન કમિશન (SSC), રેલવે ભરતી પરીક્ષાઓ, બેન્કિંગ ભરતી પરીક્ષાઓ, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) સહિતની જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિ અટકાવવાના હેતુથી બનાવવામાં આવ્યો છે.

મધ્ય પ્રદેશમાં ખેડૂત આંદોલનમાં જોડાયા 'Gen Z' યુવાનો

ભોપાલની સીમા પર ખેડૂતોએ નાખ્યા ધામા; મગની સંપૂર્ણ ખરીદી અને e-ટોકન સિસ્ટમ રદ કરવાની માગ

ભોપાલ, તા. 29. મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં ખેડૂતોનું વિરોધ પ્રદર્શન ઉગ્ર બન્યું છે. મગના પાકની ખરીદી અને ઈ-ટોકન સિસ્ટમ સામે આક્રોશ વ્યક્ત કરતા ૨,૦૦૦થી વધુ ખેડૂતો પોલીસ બેરિકેડ્સ તોડીને મંગળવારે મોડી રાત્રે ભોપાલની સીમામાં પ્રવેશી ગયા છે. આ ખેડૂતો પોતાની સાથે કપડાં, પથારી અને એક અઠવાડિયા સુધી ચાલે તેટલો ખાવા-પીવાનો સામાન લઈને આવ્યા છે અને હવે તેઓ મુખ્યમંત્રી મોહન યાદવના નિવાસસ્થાન 'શ્યામલા હિલ્સ' તરફ કૂચ કરવાની તૈયારી કરી રહ્યા છે. આ આંદોલનની સૌથી ખાસ વાત એ છે કે, દેશના આ ખેડૂત આંદોલનને હવે 'Gen Z' (આધુનિક યુવા પેઢી)નો પણ ભરપૂર સાથ મળી રહ્યો છે. મોટી સંખ્યામાં યુવાનો ખેડૂતોના સમર્થનમાં ભોપાલની સરહદે પહોંચી રહ્યા છે.

સંયુક્ત કિસાન મોરચાના બેનર હેઠળ નર્મદાપુરમ જિલ્લામાંથી સોમવારે ચાલીને નીકળેલા આ ખેડૂતો હાલ ભોપાલના સાવરકર બ્રિજ પાસે ડેરો નાખીને બેઠા છે, જે CM આવાસથી આશરે ૮ કિલોમીટર દૂર છે. ખેડૂતોની મુખ્ય બે માગણીઓ છે:

...અનુસંધાન પાના 13 પર

દિલ્હી ડાયરી

સંઘના મુખપત્રમાં બીડીની જાહેરાતનો વિરોધાભાસ

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને સંઘના અંગ્રેજી સામયિક અને તેના મુખપત્ર 'ઓર્ગેનાઇઝર'ના ૮૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે યોજાયેલા એક કાર્યક્રમમાં આરએસએસના પ્રારંભિક દિવસોના પ્રકાશનને યાદ કરીને હળવી શૈલીમાં વાત કરી હતી. સભાને સંબોધતાં રાધાકૃષ્ણને કહ્યું કે, લાંબા સમય સુધી આરએસએસના લગભગ દરેક પ્રકાશનમાં માત્ર એક જ વિજ્ઞાપનદાતા હતા–મંગલોર ગણેશ બીડી. સંઘને ટેકો આપવા બદલ બીડી ઉત્પાદક કંપનીનો આભાર માનતા રાધાકૃષ્ણને કટાક્ષ કર્યો હતો કે, આ જાહેરાત એવા લોકો માટે હતી જેઓ ભાગ્યે જ તેના ગ્રાહક હતા. કારણ કે, તેમણે "ક્વચિત જ કોઈ સ્વયંસેવકને ધૂમ્રપાન કરતા જોયા છે." આ કંપનીનું યોગદાન 'રાષ્ટ્રના હિતમાં' આપવામાં આવ્યું હતું. પ્રશ્ન એ થાય છે કે બીડી ઉત્પાદક

...અનુસંધાન પાના 13 પર

મહારાષ્ટ્રની શાળાઓ અને આસપાસ વડાપાઉં-સમોસા પર પ્રતિબંધ

FDAનો મોટો નિર્ણય, શાળા કેમ્પસ અને ૫૦ મીટરની ત્રિજ્યામાં જંક ફૂડના વેચાણ, જાહેરાત કે મફત વિતરણ પર રોક; ૧.૦૮ લાખ શાળાઓ અને ૨ કરોડ વિદ્યાર્થીઓને અસર કરશે આ કડક નિયમ

મુંબઈ: મહારાષ્ટ્રની શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના સ્વાસ્થ્ય અને ખાવા-પીવાની ટેવો સુધારવાના ઉદ્દેશ્યથી મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનએ એક મોટો અને આકરો નિર્ણય લીધો છે. નવા આદેશ મુજબ, હવે રાજ્યની કોઈપણ શાળા પરિસરમાં અથવા શાળાના ૫૦ મીટરના દાયરામાં જંક ફૂડ (HFSS - હાઈ ફેટ, ટ્રાન્સ-ફેટ, શુગર એન્ડ સોલ્ટ)નું વેચાણ, મફતમાં વિતરણ કે તેની જાહેરાત કરી શકાશે નહીં. FDAની નવી માર્ગદર્શિકા હેઠળ શાળાઓ અને તેની ૫૦ મીટરની અંદર વડાપાઉં, સમોસા, તળેલા નાસ્તા, વેફર્સ/ચિપ્સ, કોલ્ડ ડ્રિંક્સ, ગળ્યા પીણાં, ચોકલેટ અને આઈસ્ક્રીમ જેવી તમામ બાબતો પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. FDA કમિશનર તુકારામ મુંઢેએ બુધવારે "સુરક્ષિત આહાર, સુરક્ષિત મહારાષ્ટ્ર" અભિયાન હેઠળ આ

...અનુસંધાન પાના 13 પર

શાળાના કેન્ટીન અને ભોજન માટેના નવા નિયમો

હવેથી શાળાના કેન્ટીન, હોસ્ટેલ મેસ, પીએમ-પોષણ (મધ્યાહન ભોજન) રસોડાં, આંગણવાડી કેન્દ્રો અને શાળાઓને ખોરાક પૂરો પાડતા તમામ સપ્લાયર્સ માટે FSSAI લાયસન્સ અને રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત, તમામ શાળાઓએ:

૧. શાળામાં 'ફૂડ સેફ્ટી ડિસ્પ્લે બોર્ડ' લગાવવું પડશે.
૨. એક 'ફૂડ સેફ્ટી સુપરવાઈઝર'ની નિમણૂક કરવી પડશે.
૩. 'ઈટ રાઈટ સ્કૂલ' અભિયાન અને સ્વાસ્થ્ય સંબંધી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું પડશે.
૪. સ્વચ્છ પીવાનું પાણી, સ્વચ્છ રસોડું, યોગ્ય ફૂડ સ્ટોરેજ અને સ્વચ્છતાની સંપૂર્ણ કાળજી રાખવાની રહેશે.

પીઓકેના પ્રદર્શનકારીઓ ભારત જેવા જ દુશ્મન: પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી

પ્રદર્શનકારીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણમાં સોમવારથી બુધવાર સુધીમાં 37 લોકોનાં મોત

મંત્રી ખ્વાજા આસિફે પ્રદર્શનકારીઓ સાથે વાતચીતનો સ્પષ્ટ ઇનકાર કર્યો

જેએએસીએ આંતરરાષ્ટ્રીય તબીબી સંસ્થા 'ડોક્ટર્સ વિદાઉટ બોર્ડર્સ'ને તાત્કાલિક પોતાની સ્વતંત્ર મેડિકલ ટીમો મોકલવા વિનંતી કરી

ઈસ્લામાબાદ, તા. 29 (PTI): પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)માં વિરોધ કરી રહેલા પ્રદર્શનકારીઓને ભારત જેવા જ 'શત્રુ' ગણાવતાં તેમની સાથે કોઈ પણ પ્રકારની વાતચીત નહીં કરવામાં આવે તેવી સ્પષ્ટ જાહેરાત કરી છે.

પ્રતિબંધિત જોઈન્ટ અવામી એક્શન કમિટી (જેએએસી) એ જણાવ્યું કે સોમવારથી અત્યાર સુધીમાં સુરક્ષા દળો દ્વારા કરાયેલી કાર્યવાહીમાં મહિલાઓ અને બાળકો સહિત 37 નિઃશસ્ત્ર લોકોનાં મોત થયા છે. વધુમાં, હોસ્પિટલો સૈન્યના કબ્જા હેઠળ છે, તબીબોને હટાવી દેવાયા છે અને દવાનો સ્ટોક ખૂટી ગયો છે. મૃતકો કે ઈજાગ્રસ્તોને ઉપાડવા જતા સ્વયંસેવકો પર પણ ગોળીબાર થઈ રહ્યો છે.

જેએએસીએ આંતરરાષ્ટ્રીય તબીબી સંસ્થા 'ડૉક્ટર્સ વિધાઉટ બોર્ડર્સ' (Doctors Without Borders)ને રાવલાકોટ ખાતે તાત્કાલિક પોતાની સ્વતંત્ર મેડિકલ ટીમો મોકલવા વિનંતી કરી છે. જોકે કાયદા અમલવારી એજન્સીઓએ આ આંકડાને નકારતાં આરોપ મૂક્યો કે પ્રદર્શનકારીઓએ જ સુરક્ષા દળો પર ગોળીબાર કર્યો હતો. આસિફે કહ્યું કે પ્રદર્શનકારીઓ સાથે કોઈ સંવાદ નહીં થાય અને તેઓ પાકિસ્તાનના શત્રુ સમાન છે. બીજી તરફ વડા પ્રધાનના સલાહકાર રાણા સનાઉલ્લાહે જણાવ્યું કે જેએએસીએ તેમની સાથે બેઠક કરી 38 માગણીઓ રજૂ કરી હતી, પરંતુ તેમણે આરોપ

...અનુસંધાન પાના 13 પર

આ વિરોધ પ્રદર્શનો પાકિસ્તાનના વહીવટી દમનનું પરિણામ: ભારત

ભારતે આ ચૂંટણીને પાકિસ્તાનના ગેરકાયદે કબજાને છુપાવવાનો પ્રયાસ ગણાવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે સમગ્ર જમ્મુ-કાશ્મીર અને લડાખ, જેમાં પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળનો વિસ્તાર પણ સામેલ છે, તે ભારતનો અભિન્ન ભાગ છે. તેમણે કહ્યું કે પીઓકેમાં ચાલી રહેલા વ્યાપક વિરોધ પ્રદર્શનો પાકિસ્તાનના આર્થિક શોષણ, મૂળભૂત અધિકારોના હનન અને વહીવટી દમનનું સીધું પરિણામ છે.

બંગાળમાં પૂર્વ બસ ડ્રાઇવરના ઘરેથી ૨૦ કરોડથી વધુ રોકડ અને ૧૫ કિલો સોનું જપ્ત

ગેરકાયદે ખાણકામ સામે પોલીસની મોટી કાર્યવાહી

સૂરી (પશ્ચિમ બંગાળ), તા. 29 (PTI): પશ્ચિમ બંગાળમાં તાજેતરના સમયમાં શંકાસ્પદ રીતે એકત્ર કરાયેલા ગેરકાયદે રોકડ અને સોનાની સૌથી મોટી વસૂલાતમાંથી એકમાં, પોલીસે બુધવારે પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લામાં સરકારી બસના ભૂતપૂર્વ ડ્રાઇવર અને બાદમાં પથ્થરના વેપારી બનેલા વ્યક્તિની મિલકતમાંથી ઓછામાં ઓછા રૂ. ૨૦ કરોડ રોકડા અને ૧૫ કિલો સોનું જપ્ત કર્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, તેઓએ દેઉચા ગામમાં મિનાર મંડલના બે માળના નિવાસસ્થાનેથી એક-એક કિલોગ્રામ વજનના ૧૪ ગોલ્ડ બાર અને ૧૦૦-૧૦૦ ગ્રામના ૧૦ ગોલ્ડ બિસ્કિટ રિકવર કર્યા છે, જેની વર્તમાન બજાર કિંમત આશરે રૂ. ૨૧.૫ કરોડ જેટલી થાય છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, બહુવિધ થેલીઓમાં ભરેલી રોકડ રકમની આ અહેવાલ ફાઇલ કરવાના સમય સુધી ગણતરી ચાલુ હતી અને તે રૂ.૨૦ કરોડને વટાવી ચૂકી હતી. પોલીસે મિનારની ઓળખ ફરાર વેપારી તુલ્લુ મંડલ ઉર્ફે મોહમ્મદ નજીબુદ્દીનના સાળા તરીકે કરી હતી, જે બીરભૂમના પથ્થરની ખાણકામના વ્યવસાયમાં નોંધપાત્ર હિત ધરાવે છે અને જેમને

...અનુસંધાન પાના 13 પર

દીપકેએ સરકારને વિદ્યાર્થીઓને હેરાન ન કરવા ચેતવણી આપી

જો પોલીસની હેરાનગતિ ચાલુ રહેશે તો યુવાનો સરકાર બદલી નાખશે: દીપકે

અભિજીતે પેલેટ ગનના ઉપયોગ સામે કાર્યવાહીની માંગ કરી

છત્રપતિ સંભાજીનગર (મહારાષ્ટ્ર), તા. 29 (PTI). વિદ્યાર્થી પ્રદર્શનકારીઓ 'આતંકવાદી નથી' એવો દાવો કરતાં કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે બુધવારે 20 જુલાઈના રોજ જંતર-મંતર પર પેલેટ ગનથી ગોળીબાર કરવાનો આદેશ આપનારા અધિકારીઓ સામે કાર્યવાહીની માંગ કરી હતી અને ચેતવણી આપી હતી કે, ''જો પોલીસની હેરાનગતિ ચાલુ રહેશે તો યુવાનો સરકાર બદલી નાખશે.'' નીટ પેપર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ નવી દિલ્હીના એક મહિના લાંબા વિરોધ પ્રદર્શન પછી ઘરે પરત ફરીને દીપકે દાવો કર્યો હતો કે, વિવિધ રાજ્યોની પોલીસ વિદ્યાર્થી કાર્યકરોના ઘરે જઈ રહી છે અને તેમને ધરપકડની ધમકી આપી રહી છે. છત્રપતિ સંભાજીનગર એરપોર્ટ પર પત્રકારો સાથે વાત કરતાં દીપકેએ કહ્યું, "સરકારે હવે સારી રીતે વર્તવું જોઈએ. 20 જુલાઈએ (સંસદ ફૂચ દરમિયાન) રસ્તાઓ પર વિદ્યાર્થીઓનું લોહી વહ્યું હતું. તે ખરેખર ખરાબ હતું. શું તે પૂરતું ન હતું, જે હજી પણ વિદ્યાર્થીઓને હેરાન કરવામાં આવી રહ્યા છે? ઘણા રાજ્યોમાં પોલીસ વિદ્યાર્થીઓના ઘરે જઈ રહી છે અને તેમને ધરપકડની ધમકી આપી રહી છે."

દીપકેએ નવી દિલ્હીના જંતર-મંતર ખાતે વિદ્યાર્થી પ્રદર્શનકારીઓ સામે પેલેટ ગનનો ઉપયોગ કરવાની મંજૂરી આપનારા અધિકારીઓ સામે કડક કાનૂની કાર્યવાહીની પણ

...અનુસંધાન પાના 13 પર

તા. ૨૯-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.00 મીમી	મોસમનો 0000 મીમી
ઉકાઈ	સપાટી આજની 349.26 ફૂટ	આઉટફ્લો ૮૦૦ ક્યુસેક
તાપમાન	મહત્તમ 30.9 સે.	લઘુત્તમ ૨૯.૦ સે. / ભેજ ૮૮%